# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા જાહેર પરિવહન સેવાના ભાગરૂપે શહેરીજનોને સુરત શહેર તથા આજુબાજુ વિસ્તારમાં બી.આર.ટી.એસ. અને સીટીબસની સુવિધા રાહત દરે પુરી પાડવામાં આવી રહેલ છે. શહેરના નાગરિકો દ્વારા બસ સેવાનો ખુબજ સારા પ્રમાણમાં  લાભ લેવામાં આવી રહેલ છે. જેના પરિણામે મુસાફરોની સંખ્યામાં ઉત્તરો-ઉત્તર વધારો થઇ રહેલ છે. હાલમાં  બી.આર.ટી.એસ. ના કુલ ૧૩ રૂટ મળીને આશરે દૈનિક ૧,૪૦,૦૦૦ થી વધુ પેસેન્જરો  તેમજ સીટીબસ ના કુલ ૪૩ રૂટ ઉપર આશરે દૈનિક ૯૦,૦૦૦ પેસેન્જરો મળી કુલ ૨,૧૦,૦૦૦  જેટલા નાગરિકો જાહેરપરિવહન સેવાનો લાભ લઇ રહેલ છે.

જાહેર પરિવહન સેવાનો શહેરીજનો દ્વારા હાલમાં વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા હાલમાં કાર્યરત સિટીબસ રૂટ નં.૨૦૬ કે જે મક્કાઈપુલ સર્કલ થી સી. કે. પીઠાવાલા કોલેજ સુધી ચલાવવામાં આવે છે. આ રૂટને તા.૧૧/૦૨/૨૦૨૨ના રોજથી ડુમ્મસ લંગર વાયા અવધ કેરોલીના, અવધ કોપર સ્ટોન, કાદીફળીયા, સુલતાનાબાદ સુધી ચલાવવામાં આવશે. આ રૂટ શરૂ થવાથી Silent Zone ના રેહવાસીઓને તેમજ નોકરીયાત અને વિધાર્થી વર્ગને અઠવાગેટ અને કોર્ટ વિસ્તાર સુધીની બસ સેવાની કનેક્ટિવિટી મળશે.

વધુમાં સિટીબસ રૂટ નં.૩૧૫ ખરવરનગર થી ભેસ્તાન ગાર્ડન વાયા SMC કોમ્યુનિટી હોલ ખટોદરા, સુરતી આઈ લેબ, પત્રકાર કોલોની BRTS, બમરોલી, ઉમિયાનગર એસ્ટેટ થઇ તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજથી ચલાવવામાં આવશે. આ રૂટ શરૂ થવાથી બમરોલી ગામ ના રેહવાસીઓને પત્રકાર કોલોની, ખરવરનગર સુધી બસ સેવાની કનેક્ટિવિટી મળશે. તે ઉપરાંત હાલમાં કાર્યરત રૂટ નં.૨૧૭ મક્કાઈપુલથી ભેસાણ ગામના રૂટની થોડી બસોને તા.૧૧/૦૨/૨૦૨૨ ના રોજથી સવારે અને સાંજે અડાજણ GSRTC, નવયુગ કોલેજ BRTS, રામનગર BRTS, મોરા ભાગળ BRTS થઇ ચલાવવામાં આવશે. આ રૂટ શરૂ થવાથી ભેસાણ ગામના રેહવાસીઓને તથા નોકરીયાત અને વિધાર્થી વર્ગને મોર ભાગળ BRTS, નવયુગ કોલેજ BRTS, અડાજણ પાટીયા સુધીની બસની કનેક્ટિવિટી મળશે.

ઉપરોકત હકીકત ધ્યાને લેઈ જાહેર જનતાને કોવીડ-૧૯ નો ફેલાવો અટકાવવા માટે કેન્દ્ર સરકાર/રાજ્ય સરકાર દ્વારા વખતો વખત નિર્દેશિત કરવામાં આવતી તકેદારી રાખી, ફરજીયાત માસ્ક પહેરીને તથા સોશિયલ ડીસ્ટનસિંગ જાળવી સદરહુ રૂટની બસ સેવાનો લાભ લેવા માટે અનુરોધ કરવામાં આવે છે.

જનસંપર્ક વિભાગ

સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર

સમાચાર યાદી નં. ..................................

તા. ૧૦/૦૨/૨૦૨૨